જળસંપત્તિ પ્રભાગની નહેરોની સુધારણા, નહેરોના અસ્તરકામ અને સ્ટ્રક્ચર્સની સુધારણા ના કામો માટે આગોતરૂ આયોજન કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક એમ.આઇ.એસ /૧૦૨૦૧૦/૧૭/(૨)/ક-૧એમ.આઇ.સેલ
તા. /૦૬/૨૦૧૫
24 JUN 2015

આમુખ :-

જળસંપત્તિ પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓમાં મરામતના કામો જેવા કે નહેરોની સુધારણા નહેરોનું અસ્તરકામ અને સ્ટ્રક્ચર્સની સુધારણાના કામો સરકારશ્રીએ નિયત કરેલ પધ્ધતિથી હાથ ધરવાનું આયોજન કરવામાં આવે છે ત્યારે સિંચાઇના આયોજનને ધ્યાનમાં લેવામાં આવતું નથી તેવી હકીકતો ધ્યાને આવેલ છે જ્યારે ઉપરોક્ત મરામતના કામોની સમીક્ષા કરવામાં આવે છે ત્યારે ઘણા કિસ્સાઓમાં આ પ્રકારના કામો સમયસર પૂર્ણ નહિ થવાના કારણોમાં અથવા ધીમી પ્રગતિના કારણોમાં સિંચાઇ માટે પાણી છોડવાના કારણો રજુ કરવામાં આવે છે. આમ આવા કામો માટે વિગતવાર આગોતરા આયોજનના અભાવે કામની પ્રગતિમાં અવરોધ ઉભા થાય છે. અને કામના ટેન્ડરોની સમય મર્યાદા વધારવાના તેમજ ઘણા વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ બાબતે વધુ વિગતે સૂચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી સક્રિય વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવે છે. .

આદેશ :-

જ્યારે નહેરની મરામતના કામો જેવા કે નહેરોની સુધારણા નહેરોનું અસ્તરકામ અને સ્ટ્રક્ચર્સના સુધારણાના કામો માટે ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે સૌ પ્રથમ જે તે નહેરના પિયત વિસ્તારના ખેડૂતોને વિશ્વાસમાં લઇને તથા સિંચાઇ સલાહકાર સમિતિની બેઠક બોલાવી હાથ ધરવાના કામો બાબતે ચર્ચા વિચારણા કરવાની રહેશે. નહેરોના મરામત બાબતે ખેડૂતોને જાણકારી આપી નહેરો મરામત માટે બંધ રાખવા

અંગે યોગ્ય નિર્ણય લઇને તેના આધારે પૂરતા પ્રમાણમાં જાહેરાતો કર્યા બાદ નહેરોના મરામત ના કામો હાથ ધરવાના રહેશે. સિંચાઇની જરૂરીઆતને ધ્યાને લઇ બહુ લાંબી સમય મર્યાદા નહી રાખતાં ટેન્ડરની યોગ્ય સમય મર્યાદા નક્કી કરીને નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ થાય તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે..

(એમ.કે.દિક્ષિત)
ખાસ ફરજ પરના અધિકારી(જ.સં)
ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ ગાંધીનગર
૩. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ,સચિવાલય, ગાંધીનગર
૪ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
૫ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
૬. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-૩, જ,એમઆઇસેલ,ક-૭)
૭. સીલેકટ ફાઇલ